# જાતિસ્મરણ જ્ઞાન

જાતિસ્મરણ જ્ઞાન એટલે પૂર્વના ભવનું જ્ઞાન. जाति સંસ્કૃત શબ્દ છે. એનો એક અર્થ થાય છે જન્મ. એનો બીજો એક અર્થ થાય છે પૂર્વેનું (અથવા પૂર્વજન્મનું). જાતિસ્મરણ એટલે કે પૂર્વના કોઈ એક અથવા વધુ જન્મનું એટલે કે ભવનું સ્મરણ થવું તે. જૈન ધર્મમાં આ પ્રકારના સ્મરણને જ્ઞાનના એક પ્રકાર તરીકે ઓળખાવવામાં આવે છે, માટે તેને 'જાતિસ્મરણ જ્ઞાન' કહેવામાં આવે છે.

જાતિસ્મરણ માટે 'જાતિસ્મર,' 'જાતિસ્મૃતિ,' 'જાતિસરણ,' 'જાઈસર,' 'જાઈસ્મર', 'જાઈસ્મરણ,' 'જાઈસુમિણ' વગેરે સંસ્કૃત કે પ્રાકૃત શબ્દો પ્રચલિત છે, અને તેના ઉપરથી ગુજરાતી, હિન્દી, મરાઠી વગેરે કેટલીક અર્વાચીન ભારતીય ભાષાઓમાં જાતિસ્મૃતિ અથવા 'જાતિસ્મરણ' શબ્દ પ્રચલિત રહેલો છે. તે નામ તરીકે પણ વપરાય છે અને વિશેષણ તરીકે પણ વપરાય છે.

'જાતિસ્મરણ'ની નીચે પ્રમાણે વ્યાખ્યા આપવામાં આવે છે :

(૧) अतीतजन्मवृत्तान्तस्मृतिः ।

(૨) जातिं स्मरतीति जातिस्मरः ।

(૩) जातिस्मरोऽनुभूतभवस्मर्ता ।

(૪) जातिस्मरः आभिनिबोधिकज्ञानविशेषः ।

વર્તમાન સમયમાં જાતિસ્મરણ જ્ઞાન વિશે દુનિયાના ઘણા દેશોમાં અભ્યાસ-સંશોધન થઈ રહ્યાં છે. જાતિસ્મરણ જ્ઞાનનો માનસ-વિજ્ઞાનના વિષયના એક પેટા વિભાગ તરીકે – Parapsychologyના વિભાગ તરીકે – ભારતમાં અને ભારત બહાર અનેક દેશોમાં અભ્યાસ ચાલે છે. જુદી જુદી કેટલીક યુનિવર્સિટીઓમાં જાતિસ્મરણ જ્ઞાનના સેંકડો કિસ્સાઓ નોંધાયેલા છે. અલબત્ત, બધા જ કિસ્સાઓમાં કહેવાયેલી બધી જ વાતો સાચી પડી હોય એવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. કેટલીક વાતો ખોટી પણ ઠરી છે. કેટલીક ખોટી વાતો ઇરાદાપૂર્વક ચલાવવામાં આવી હોય એવું પણ બન્યું છે. કેટલીક વાતોમાં થોડુંક મળતાપણું જોવા મળ્યું છે, તો કેટલાક કિસ્સાઓમાં ઘણુંબધું સામ્ય જોવા મળ્યું છે. યહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મ પુનર્જન્મમાં માનતા નથી. પરંતુ આવા કિસ્સાઓ વખતોવખત નોંધાયા હોવાને કારણે પૂર્વજન્મ-પુનર્જન્મ જેવી કોઈ ઘટના છે એવું પાશ્ચાત્ય જગતના કેટલાક લોકો હવે સ્વીકારવા લાગ્યા છે. બધા જ પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો પુનર્જન્મના સિદ્ધાન્તનો સદંતર અસ્વીકાર કરતા હોય એવું હવે રહ્યું નથી.

આ જાતિસ્મરણ જ્ઞાન અથવા જાતિસ્મૃતિ જ્ઞાન છે શું ? દુનિયાના જુદા જુદા ધર્મોનાં સાહિત્યનું અવલોકન કરીશું તો જાતિસ્મરણ જ્ઞાનના ઉલ્લેખો જૈન ધર્મમાં જેટલા જોવા મળે છે તેટલા અન્ય ધર્મમાં ભાગ્યે જ જોવા મળશે. જૈન ધર્મની કેટલીયે કથાઓમાં અને તીર્થંકરોનાં પૂર્વભવ સહિતનાં ચરિત્રોમાં જાતિસ્મરણ જ્ઞાનની ઘટનાનો ઉલ્લેખ જોવા મળે છે.

આગમગ્રંથોમાં જાતિસ્મરણ જ્ઞાનનો ઉલ્લેખ 'ઉત્તરાધ્યયનસૂત્ર'ના ઓગણીસમા મૃગાપુત્રીય અધ્યયનમાં થયેલો છે. જુઓ :

**साहुस्स दरिसणे तस्स अज्झवसाणम्मि सोहणे।**
**मोहं गयस्स सन्तस्स जाइसरणं समुप्पन्नं।।**

**देवलोगा चुओ संतो माणुसं भवमागओ।**
**सन्निनाणे समुप्पण्णे जाइं सरइ पुराणयं।।**

**जाइसरणे समुप्पन्ने मियापुत्ते महिड्ढिए।**
**सरइ पोराणियं जाइं सामण्णं च पुराकयं।।**

બલભદ્ર રાજા અને મૃગારાણીનો બલશ્રી નામનો પુત્ર લોકોમાં તો 'મૃગાપુત્ર' તરીકે જ જાણીતો હતો. સુખમાં દિવસો પસાર કરનાર મૃગાપુત્ર રાજમહેલના ગવાક્ષમાં બેસી લોકોની અવરજવર નિહાળતો હતો ત્યાં અચાનક એક સંયમધારી સાધુને તે જુએ છે. અનિમેષ દૃષ્ટિએ તે એ સાધુને જોઈ રહે છે અને મનમાં ચિંતન કરતાં કરતાં 'મેં આવું પહેલાં ક્યાંક જોયું છે' એવા ભાવમાં ઊંડા ઊતરી જતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. આમ સાધુનાં દર્શન થતાં અને અધ્યવસાયોની નિર્મળતા થતાં એને પૂર્વજન્મની સ્મૃતિ થઈ. (દેવલોકથી ચ્યવીને તે મનુષ્યભવમાં આવ્યો. સમનસ્ક જ્ઞાન ઉત્પન્ન થતાં તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વજન્મની સ્મૃતિ થઈ.) જાતિસ્મૃતિ જ્ઞાન ઉત્પન્ન થતાં મહર્દ્ધિક મૃગાપુત્રને પૂર્વજન્મ અને પૂર્વકૃત સાધુપણાની સ્મૃતિ થઈ આવી. જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થતાં જ એની વિષયોની આસક્તિ તરત નીકળી ગઈ અને એણે દીક્ષા લેવાની પોતાની ઇચ્છા માતાપિતા પાસે દર્શાવી. મૃગાપુત્રનું વૃત્તાન્ત આ પ્રમાણે 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં વર્ણવવામાં આવ્યું છે.

જૈન પરંપરામાં જાતિસ્મરણની અન્ય ઘટનાઓ પણ નોંધાયેલી છે. ઋષભદેવના પ્રપૌત્ર શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. તદુપરાંત મલ્લિકુંવરીએ અશુચિ ભાવના સમજાવવાથી રાજકુમારોને, અભયકુમારે મોકલાવેલી જિનેશ્વર ભગવાનની પ્રતિમા જોતાં આર્દ્રકુમારને, ફૂલોનો ગુચ્છ જોતાં બ્રહ્મદત્ત ચક્રવર્તીને, 'દીક્ષા' શબ્દ સાંભળતાં વજ્રસ્વામીને અને આર્યસુહસ્તિસૂરિને જોતાં સંપ્રતિ મહારાજને જાતિસ્મરણ જ્ઞાન થયાનાં ઉદાહરણો પણ નોંધાયેલાં છે.

તિર્યંચ ગતિના જીવોને પણ જાતિસ્મરણ જ્ઞાન થાય છે. વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના જીવનના પ્રસંગમાં તે જોવા મળે છે. પોતે પ્રતિષ્ઠાનપુરમાં હતા તે વખતે એક અશ્વને પ્રતિબોધ પમાડવા માટે તેઓ વિહાર કરી પ્રતિષ્ઠાપુરથી ભરૂચ પધાર્યા અને ત્યાં લોકોને દેશના આપી. એ સમયે યજ્ઞ માટે લાવેલા ઘોડાએ એ દેશના સાંભળી. પ્રભુને જોતાં અને પરિચિત ઉપદેશ સાંભળતાં ઘોડાને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. એવી રીતે ભગવાન મહાવીરના શબ્દો સાંભળતાં ચંડકૌશિક સર્પને પૂર્વભવનું જ્ઞાન થયું હતું. તિર્યંચ ગતિમાંથી મનુષ્યજન્મમાં આવેલા જીવોને પોતાના તિર્યંચ ભવનું પણ જ્ઞાન થાય છે. ભરૂચમાં નર્મદા નદીને કાંઠે વૃક્ષમાં માળો બાંધી એક સમળી રહેતી હતી. એને એક દિવસ કોઈ એક મ્લેચ્છે બાણ મારી ધરતી ઉપર પાડી. તે વખતે ત્યાંથી પસાર થઈ રહેલા કોઈ એક મુનિએ એ તરફડતી સમળીને જોઈને એને નવકારમંત્ર સંભળાવ્યો. સમળીએ એ નવકારમંત્ર બહુ ધ્યાનથી સાંભળી દેહ છોડ્યો. મૃત્યુ પામીને સમળી સિંહલદ્વીપની રાજકુમારી થઈ. એક વખત રાજસભામાં છીંક આવતાં ઋષભદત્ત નવકારમંત્રનું પહેલું પદ 'નમો અરિહંતાણં' બોલ્યા. એ સાંભળતાં જ રાજકુમારીને થયું કે પોતે આવું ક્યાંક સાંભળ્યું છે. તરત એવી ચિંતનધારાએ ચડી જતાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. એવી રીતે ભગવન મહાવીરના સમજાવ્યાથી મેઘકુમારને પોતાના હાથીના ભવનું જ્ઞાન થયું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન ધર્મમાં પાંચ પ્રકારનાં જ્ઞાન બતાવવામાં આવ્યાં છે : (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મન:પર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. આ પાંચ પ્રકારનાં જ્ઞાનમાંથી કોઈ પણ ગતિના જીવને ઓછેવત્તે અંશે મતિજ્ઞાન અવશ્ય હોય છે. જાતિસ્મરણ જ્ઞાન એ મતિજ્ઞાનનો જ પ્રકાર છે એમ જૈન ધર્મ માને છે.

જૈન માન્યતા અનુસાર મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી એ ચારેય ગતિમાં જીવોને જાતિસ્મરણ જ્ઞાન થઈ શકે છે. તિર્યંચ ગતિમાં ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવને જ (પાંચે ઇન્દ્રિય તથા મનવાળા જીવને જ) જાતિસ્મરણ જ્ઞાન થઈ શકે. અસંજ્ઞી જીવોને ઉ. ત., કીડી, વાંદો, મચ્છર, પતંગિયું, માખી, ઈયળ વગેરે જીવોને જાતિસ્મરણ જ્ઞાન થાય નહિ, કારણ કે મતિજ્ઞાનનો એ પ્રકાર હોઈ જેને સંજ્ઞા (દ્રવ્ય મન) હોય તે જીવને જ આ જ્ઞાન થાય.

જાતિસ્મરણ જ્ઞાન મુખ્યત્વે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે. એ ચિત્તનો એક વિશિષ્ટ પ્રકારનો ઉઘાડ છે. આ ઉઘાડ દરેકને એકસરખો હોતો નથી અને દરેકને ચિરકાલીન રહેતો નથી. વળી, આ જ્ઞાનનો પ્રકાશ કાયમ એકસરખો પણ રહેતો નથી. એમાં વધઘટ થવાનો સંભવ રહે છે. કેટલાકને કેટલાક દિવસ સુધી એ જ્ઞાન રહે છે અને પછી કાયમને માટે ચાલ્યું જાય છે; કેટલાકને તે વધુ સમય રહે છે. મતિજ્ઞાનમાં જેમ સ્મૃતિ છે એમ વિસ્મૃતિ પણ છે. એટલે જાતિસ્મરણ જ્ઞાનને વિષે સ્મૃતિ અને વિસ્મૃતિ બંનેનો સંભવ રહે છે.

મતિજ્ઞાનના ચાર પેટા પ્રકાર છે : (૧) અવગ્રહ, (૨) ઈહા, (૩) અવાય અને (૪) ધારણા. 'અવગ્રહ એટલે 'આ કંઈક છે' એવો સ્પષ્ટ ભાસ થવો. 'આ શું છે ?' એ જાણવા માટે ચિત્તમાં ઊહાપોહ થવો અને કંઈક અસ્પષ્ટ નિર્ણય થવો તેનું નામ 'ઈહા.' ' આ શું છે ?' તે વિશે વિશેષ વિચાર થવો અને 'તે આ જ છે' એવો સ્પષ્ટ નિર્ણય થવો તેનું નામ 'અવાય.' જે નિર્ણય થયો હોય તે ચિત્તમાં દૃઢપણે અંકિત થઈ જાય અને કેટલાક સમય સુધી ટકી રહે તેનું નામ 'ધારણા.'

આમ ઇન્દ્રિયો અને મન દ્વારા શબ્દ, રસ, સ્પર્શ, રૂપ, ગંધ વગેરે વિષયોમાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા રૂપી જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન. ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ એમ એના ત્રણ પ્રકાર બતાવવામાં આવે છે. જુદી જુદી દૃષ્ટિએ મતિજ્ઞાનના ચાર, ચોવીસ, બત્રીસથી માંડીને ૩૮૪ જેટલા ભેદપ્રભેદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ બતાવવામાં આવે છે. મતિ, સ્મૃતિ, સંજ્ઞા (પ્રત્યભિજ્ઞાન), ચિન્તા (તર્ક), અભિનિબોધ વગેરે એકબીજાના પર્યાયવાચી શબ્દ તરીકે પણ વપરાય છે.

સ્મૃતિનો સમાવેશ ધારણામાં થઈ જાય છે. ધારણા એટલે પોતાના જોયેલા, સાંભળેલા કે અનુભવેલા પદાર્થોને કે વિચારોને ચિત્તમાં ધારણ કરી રાખવાની કે સંગ્રહી રાખવાની શક્તિ. આ શક્તિ ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ હોય છે. જાતિસ્મરણ જ્ઞાન એ ધારણાનો જ એક પ્રકાર હોવાથી તે જ્ઞાન સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ થાય છે. કીડી, માખી, ઈયળ વગેરેને ધારણાશક્તિ નથી હોતી એટલે કે સ્મૃતિ નથી હોતી. મનુષ્ય અને કેટલાંક પ્રાણીઓને સ્મૃતિ હોય છે અને સ્મૃતિના આધાર ઉપર રહેલી તાલીમ પણ તેમને આપી શકાય છે. ઘોડો, રીંછ, સિંહ, હાથી વગેરે સર્કસનાં પ્રાણીઓને અથવા કૂતરું, ગાય, બળદ, બકરી વગેરે પાળેલાં પ્રાણીઓને અમુક કરવું અને ન કરવું એની તાલીમ એમની ધારણાશક્તિ પ્રમાણે આપી શકાય છે. પ્રાણીઓ કરતાં મનુષ્યની ધારણાશક્તિ ઘણી વિશેષ હોય છે.

કેટલીક વાર જાતિસ્મરણ જ્ઞાન કશા જ નિમિત્ત વગર થાય છે, તો કેટલીક વાર પૂર્વભવમાં કોઈ પદાર્થની કે વ્યક્તિની જોયેલી આકૃતિનો અણસાર મળતાં કે અમુક શબ્દો સાંભળતાં એકદમ મતિજ્ઞાન ઉપરનું આવરણ હઠી જાય છે અને પૂર્વભવ સ્પષ્ટ રૂપે ભાસે છે. આમ જાતિસ્મરણ જ્ઞાન સનિમિત્તક અને અનિમિત્તક એમ બે પ્રકારનું છે. 'અભિધાન રાજેન્દ્રકોશ'માં કહ્યું છે :

जातिस्मरणं द्विविधम् – सनिमित्तकं, अनिमित्तकं च। तत्र यद् बाह्यं निमित्तमुद्दिश्य जातिस्मरणमुपजायते तत्सनिमित्तकम् । यथा वल्कलचीर – प्रभृतीनाम्। यत्पुनरेव तदावारककर्मणां क्षयोपशमेनोत्पद्यते तदनिमित्तकं यथा स्वयंबुद्धकपिलादीनाम्।

જાતિસ્મરણ જ્ઞાન એ અવધિજ્ઞાનનો પ્રકાર નથી. એ બંને જુદા જુદા પ્રકારનાં જ્ઞાન છે. અવધિજ્ઞાન જાતિસ્મરણ કરતાં ઘણું ચડિયાતું જ્ઞાન છે. જેને જાતિસ્મરણ જ્ઞાન થયું હોય તેવી વ્યક્તિ દૂરના કોઈ સ્થળ અને એવી વ્યક્તિઓ વિષે બોલવા લાગે છે. એમાં વર્તમાનની તત્ક્ષણ બનતી જતી ઘટનાઓની વાત હોતી નથી, પરંતુ પૂર્વે બની ગયેલી ઘટનાનું સ્મરણ હોય છે. અને તે પણ કોઈ નિશ્ચિત સ્થળ અને સમય પૂરતું મર્યાદિત હોય છે. વળી જેને જાતિસ્મરણ જ્ઞાન થાય છે તેને પૂર્વના ભવનું સ્મરણ થાય છે, પરંતુ તેને ભાવિ વિશે કશું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન હોતું નથી. અવધિજ્ઞાનમાં તો ભૂત, વર્તમાન અને ભાવિ એ ત્રણે કાળનું પોતપોતાની સ્થળ અને કાળની સીમા અનુસાર જ્ઞાન થાય છે. એટલે જાતિસ્મરણ જ્ઞાન એ અવધિજ્ઞાનનો કોઈ પ્રકાર નથી એ સ્પષ્ટ સમજી લેવું જોઈએ. અવધિજ્ઞાનમાં વ્યક્તિ પોતે ઉપયોગ મૂકે ત્યારે તેને તે જ્ઞાન થાય છે. જાતિસ્મરણ જ્ઞાનમાં, અવધિજ્ઞાનની જેમ, એ રીતે ઉપયોગ મૂકવાની વાત સામાન્ય રીતે હોતી નથી.

જીવના જ્ઞાનની વૃદ્ધિ સતત ચાલ્યા કરે છે. એમાં સ્મૃતિ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. જે કંઈ જ્ઞાન આપણે મેળવ્યું તે બધું જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જીવનપર્યંત ટકી રહે એવું હોતું નથી. એક સમયે મોટા જ્ઞાની તરીકે વિખ્યાત બનેલા મહાત્માઓને પણ વૃદ્ધાવસ્થામાં અનેક વાતોનું વિસ્મરણ થાય છે. યુનિવર્સિટીઓનું પ્રમાણપત્ર મેળવનાર વ્યક્તિઓનું તો તે વિષયનું જ્ઞાન, જો મહાવરો ન હોય તો ઝાંખું થઈ જાય છે. એક જન્મમાં ગમે તેટલું જ્ઞાન મેળવ્યું હોય તો પણ બીજા જન્મમાં જીવને નવેસરથી શરૂઆત કરવાની રહે છે. અલબત્ત એમાં પૂર્વેનાં જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ એને કામ લાગે છે. તો પણ ભાષા શીખવાથી માંડીને જ્ઞાન સંપાદન કરવાની બધી ક્રિયા તેને ફરીથી કરવી પડે છે. જન્મ અને મૃત્યુ એ બે એવી મોટી ઘટનાઓ છે કે જેને કારણે જીવનો દેહાધ્યાસ ઘણોબધો વધી જાય છે અને જેમ દેહાધ્યાસ વધુ તેમ જ્ઞાનનો ઉઘાડ ઓછો. મૃત્યુ વખતે વેદના, આસક્તિ વગેરેને કારણે જીવનો દેહાધ્યાસ ઘણો વધી જાય છે અને ત્યાર પછી નવા ગર્ભવાસનું દુઃખ પણ ઓછું નથી હોતું. એટલે નવો જન્મ થતાં મગજની પાટી ફરીથી કોરી થઈ જાય છે. એટલે જ જીવોને સામાન્ય રીતે પૂર્વના ભવનું જ્ઞાન એટલે કે જાતિસ્મરણ જ્ઞાન થતું નથી.

કોઈકને કદાચ પ્રશ્ન થાય કે જાતિસ્મરણ જ્ઞાન બધાંને કેમ થતું નથી ? હરિભદ્રસૂરિ 'યોગબિન્દુ'માં એ માટે લખે છે :

न चैतेषामपि हयेतदुन्मादग्रहयोगतः ।
सर्वेषामनुभूतार्थ स्मरणं स्यादिव शेषतः ।।

આમાં પણ જીવોને જ્ઞાનાવરણીય કર્મના તેવા પ્રકારના ઉદયને કારણે, ઉન્માદ અથવા ગ્રહ વગેરેના વળગાડથી અને એવા બીજા પ્રકારના બાહ્ય તેમજ અંતઃકરણના યોગથી પૂર્વભવ સંબંધી અનુભવેલા અર્થોનું સ્મરણ વિશેષ પ્રકારે થતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલીક વાર માણસ એક સ્થળેથી બીજે સ્થળે જાય છે ત્યારે પોતે ક્યાંથી આવ્યો તેનું સ્મરણ રોગ વગેરેને કારણે; ઉન્માદ, મતિભ્રમ વગેરેને કારણે; ભૂતપ્રેત વગેરેના વળગાડને કારણે થતું નથી. તેવી રીતે 'હું કોણ છું ?' 'હું ક્યાંથી આવ્યો ?' 'હું ક્યારે આવ્યો ?' 'હું કયા કારણે આવ્યો ?' 'હું પૂર્વભવમાં કોણ હતો ?' – વગેરેનું સ્મરણ જીવને થતું નથી.

કેટલાક જીવોને દેહાધ્યાસ બહુ ઓછો હોય છે. અંતસમયે પણ દેહની કે અન્ય સાંસારિક વાસનાઓ કે આસક્તિ તેમને હોતી નથી. તેઓનું આત્મામાં લીનપણું વિશેષ હોય છે. તેવા નિર્મળ જીવોના જ્ઞાનના સંસ્કાર કેટલેક અંશે સચવાઈ રહે છે. એવા જીવોને જન્માન્તરમાં જ્ઞાનાવરણીય કર્મના તેવા પ્રકારના ક્ષયોપશમને લીધે જાતિસ્મરણ જ્ઞાન થાય છે. પરંતુ એવી વ્યક્તિઓ હજારો-લાખોમાં કોઈક જ હોય છે.

હરિભદ્રસૂરિ 'યોગબિન્દુ'માં કહે છે :

**ब्रह्मचर्येण तपसा, सद्वेदाध्ययनेन च।**
**विद्यामन्त्रविशेषेण सत्तीर्थासेवनेन च।।**

**पित्रोः सम्यगुपस्थानाद् ग्लानभैषज्यदानतः।**
**देवादिशोधनाच्चैव भवेज्जातिस्मरः पुमान्।।**

('યોગબિન્દુ', શ્લોક ૫૭-૫૮)

બ્રહ્મચર્ય વડે, તપ વડે, સત્યવેદના અધ્યયન વડે, વિદ્યામંત્રવિશેષથી, સત્યતીર્થના સેવનથી, પૂજ્ય માતા-પિતા વગેરે ઊંચા સ્થાને રહેલાની સેવાભક્તિ કરવાથી, ગ્લાન વૃદ્ધોને દવા વગેરે આપવાથી, દેવગુરુધર્મની શુદ્ધિ કરવાથી (ધર્મસ્થાનકોનો ઉદ્ધાર કરવાથી) ભવ્યાત્માઓને જાતિસ્મરણ થાય છે એટલે કે પૂર્વભવનું જ્ઞાન થાય છે.

જાતિસ્મરણ જ્ઞાન જીવની નિર્દોષ અને નિર્મળ અવસ્થામાં પ્રગટ થાય છે. સામાન્ય રીતે આવી અવસ્થા બાલ્યકાળમાં વિશેષ હોય છે, એટલે બાલ્યકાળમાં જાતિસ્મરણ જ્ઞાન થવાની ઘટનાઓ વિશેષ જોવા મળે છે. આમ છતાં આ જ્ઞાન માત્ર બાલ્યકાળમાં જ થાય એવું નથી. સદાચાર, સત્સંગ, સ્વાધ્યાય, આત્મચિંતન, આરાધના વગેરે દ્વારા પ્રાપ્ત થયેલી આત્માની નિર્મળતાથી કિશોરવયે કે યુવાનવયે કે મોટી ઉંમરે પણ જાતિસ્મરણ જ્ઞાન થવાની ઘટના નોંધાયેલી જોવા મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતિસ્મરણ જ્ઞાન થવા માટે સમય કે વ્યક્તિની બાબતમાં કોઈ નિશ્ચિત નિયમો હોતા નથી. જે નિયમ છે તે જ્ઞાનાવરણીય કર્મના અને સાથે સાથે દર્શનાવરણીય તથા મોહનીય કર્મના ક્ષયોપશમનો જ છે. તીર્થંકરોના સમયમાં, ચોથા આરામાં અનેક લોકોને જાતિસ્મરણ જ્ઞાન થયાના ઉલ્લેખો મળે છે. વર્તમાન સમયમાં એ જ્ઞાન થવાનો સંભવ ઘટતો ગયો છે. શ્રીમદ્ રાજચંદ્રને એ જ્ઞાન થયું હતું તે ઘટના સુપ્રસિદ્ધ છે. કાળના પ્રભાવના કારણે જીવોની તે માટેની યોગ્યતા ઘટતી ગઈ છે. એટલે આવી ઘટના વિરલ બનતી હોવાને કારણે એની વાત સાંભળતાં અનેક લોકોને કૌતુક થાય એ સ્વાભાવિક છે.

જૈન માન્યતા પ્રમાણે જાતિસ્મરણ જ્ઞાન એ એક પ્રકારનું માત્ર મતિજ્ઞાન જ છે. તે ઇન્દ્રિયાતીત જ્ઞાન નથી કે અતીન્દ્રિય ચમત્કાર નથી. એ કોઈ દેવદેવીઓએ કરેલો ચમત્કાર પણ નથી કે ભગવાનનો સાક્ષાત્કાર નથી. એટલે જૈન ધર્મમાં એ જ્ઞાનનું જેમ એક અપેક્ષાએ ઘણું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે, તેમ અન્ય અપેક્ષાએ એનું બહુ મૂલ્ય આંકવામાં આવતું નથી. એ જ્ઞાન જવલ્લે જ કોઈકને થાય છે માટે લોકોને તે ચમત્કારરૂપ ભાસે છે.

જેને જાતિસ્મરણ જ્ઞાન થાય તે વ્યક્તિ અચાનક અસંબદ્ધ બોલતી હોય તેવું આસપાસના લોકોને લાગે છે. એમાં જો કંઈ સાબિતી મળે કે કંઈ અણસાર મળે તો તેવી વાત પ્રસરે છે. અનેક લોકોને એ વાતની જિજ્ઞાસા થાય છે પરંતુ લોકો તેવી વ્યક્તિને પ્રશ્નો પૂછીપૂછીને એના ચિત્તને થકવી નાખે છે. અને પરિણામે એના જ્ઞાનની વૃદ્ધિ થતી નથી. એથી કેટલીક વાર તેનું જ્ઞાન વહેલું ચાલ્યું જાય છે. પરિણામે જાતિસ્મરણ જ્ઞાન થાય તે જીવને તે જ્ઞાન આત્મસાધનામાં ઉપકારક નીવડતું નથી. જે જીવને જાતિસ્મરણ જ્ઞાન થાય તે જીવ તેનો બહુ બાહ્ય ઉપયોગ ન કરતાં એકાંતમાં રહીને જો પોતાના આત્મામાં જ તેનો ઊહાપોહ.વધારે તો તેનું જ્ઞાન વૃદ્ધિ પામે છે. એને પોતાના પૂર્વભવોનું વધુ અને વધુ દર્શન થાય છે. વળી જેમ જેમ આ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ તે જીવ વધુ નિર્મળ બને છે અને તે જ્ઞાન તેને આત્મસ્વરૂપનું ભાન કરાવી તેની આત્મસાધનામાં ઉપકારક નીવડે છે. એટલા માટે જ પોતાને થયેલા જાતિસ્મરણ જ્ઞાનની ઘટનાની ઘણી જાહેરાત આત્માર્થીઓ માટે ઉપયોગી મનાતી નથી.

જાતિસ્મરણ જ્ઞાન થયું હોય એવી કેટલીક વ્યક્તિઓ અચાનક પૂર્વભવની ભાષા બોલવા લાગે છે. કેટલીક વખત પૂર્વભવની કોઈ ચેષ્ટા પણ કરવા લાગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છે કે 'જેમ બાલ્યાવસ્થાને વિશે જે કંઈ જોયું હોય અથવા અનુભવ્યું હોય તેનું સ્મરણ વૃદ્ધાવસ્થામાં કેટલાકને થાય ને કેટલાકને ન થાય, તેમ પૂર્વભવનું ભાન કેટલાકને રહે ને કેટલાકને ન રહે, ન રહેવાનું કારણ એ છે કે પૂર્વ દેહ છોડતાં બાહ્ય પદાર્થોને વિષે જીવ વળગી રહી મરણ કરે છે, અને નવો દેહ પામી તેમાં જ આસક્ત રહે છે. તેને પૂર્વ પર્યાયનું ભાન રહે નહિ; આથી ઊલટી રીતે પ્રવર્તનારને એટલે અવકાશ રાખ્યો હોય તેને પૂર્વનો ભવ અનુભવવામાં આવે છે. પૂર્વ પર્યાય છોડતાં મૃત્યુ આદિ વેદનાના કારણને લઈને, દેહ ધારણ કરતાં ગર્ભવાસને લઈને, બાલપણામાં મૂઢપણાને લઈને અને વર્તમાન દેહમાં અતિલીનતાને લઈને, પૂર્વે પ્યાયની સ્મૃતિ કરવાનો અવકાશ જ મળતો નથી; તથાપિ જેમ ગર્ભવાસ તથા બાલપણું સ્મૃતિમાં રહે નહિ તેથી કરીને તે નહોતાં એમ નથી; તેમ ઉપરનાં કારણોને લઈને પૂર્વ પર્યાય સ્મૃતિમાં રહે નહિ. તેવી રીતે આંબા આદિ વૃક્ષોની કલમ કરવામાં આવે છે તેમાં સાનુકૂળતા હોય તો થાય છે. તેમ જો પૂર્વ પર્યાયની સ્મૃતિ કરવાને ક્ષયોપશમ આદિ સાનુકૂળતા (યોગ્યતા) હોય તો જાતિસ્મરણ જ્ઞાન થાય.'

જાતિસ્મરણ જ્ઞાન ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ થતું હોવાને કારણે જે જીવને એ જ્ઞાન થાય તે જીવને પોતાના પૂર્વના એક અથવા વધારે ભવનું સ્મરણ થાય છે. એ ભવોમાં પણ પોતે અસંજ્ઞી જીવ તરીકે એટલે કે કીડી, વાંદો, મચ્છર, સૂક્ષ્મ જીવાણુ ઇત્યાદિ કે વનસ્પતિ એકેન્દ્રિય જીવ તરીકે જે ભવ કર્યા હોય તે ભવનું સ્મરણ ન થાય. જાતિસ્મરણ જ્ઞાન એકંદરે તો કોઈ એક પ્રસંગે એકાદ વ્યક્તિને થાય, પરંતુ ક્યારેક તે જ્ઞાન એકસાથે એકથી વધુ વ્યક્તિને પણ ઉત્પન્ન થાય. પૂર્વના ભવની સામુદાયિક ઘટના એવી રીતે બની હોય અને વર્તમાન ભવમાં તેવા કેટલાક જીવોનો જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ એવો સારો હોય કે તેવી બધી વ્યક્તિને એકસાથે પૂર્વના ભવથી તે ઘટનાનું સ્મરણ થાય. એના સુપ્રસિદ્ધ ઉદાહરણ તરીકે મલ્લિકુંવરીના (મલ્લિનાથના) જીવનનો પ્રસંગ છે. મલ્લિકુંવરીના પૂર્વના જન્મના છ મિત્રો વર્તમાન ભવમાં જુદા જુદા નગરના રાજકુમાર થયા હતા. મલ્લિકુમારીને પરણવા એ છ રાજકુમારો જ્યારે આવ્યા ત્યારે મલ્લિકુમારીએ અશુચિ ભાવના સમજાવીને પૂર્વભવની વાત કહી. એ સાંભળી છયે રાજકુમારોને એક જ વખતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને તેઓ બધાએ દીક્ષા લીધી હતી.

જાતિસ્મરણ જ્ઞાન ફક્ત સમકિતી જીવોને જ થાય એવું નથી. તે સમકિતીને થાય અને મિથ્યાત્વીને પણ થાય. જેને જેને જાતિસ્મરણ જ્ઞાન થાય તે બધા જ જીવો બહુ ઊંચી કોટિના પવિત્ર સમકિતી જીવ છે એવું માનવું અનિવાર્ય નથી.

જાતિસ્મરણ જ્ઞાન વિશે, બલ્કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચે પ્રકારના જ્ઞાન વિશે જૈન ધર્મમાં જેટલી સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે તેવી વિચારણા અન્યત્ર ક્યાંય થઈ નથી.

❒

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org